# જાહેરનામું

## પોલીસ કમિશ્નર અમદાવાદ શહેરના હુકમ ક્રમાંક: ગ/ઉપક/ટ્રાફીક/૮૦૫ /૨૦૧૬
## તા.૧૫/૧૨/૨૦૧૬

હું, એ.કે.સિંઘ IPS, પોલીસ કમિશ્નર, અમદાવાદ શહેર, મને ગુજરાત પોલીસ અધિનિયમ ૧૯૫૧ (૧૯૫૧ ના કાયદા નંબર ૨૨) ની પેટા કલમ ૩૩ (૧) (બી) (સી) અને ગુજરાત મોટર વાહન નિયમો ૧૯૯૯ ના નિયમ ૨૦૭ અંતર્ગત મળેલી સત્તા અન્વયે અમદાવાદ શહેરમાં તા.૧૮/૧૨/૨૦૧૬ ના રોજ નીચે જણાવેલ માર્ગો ઉપર હાફ મેરેથોન દોડનું આયોજન કરવામાં આવેલ છે. જે અંગે જાહેર જનતાના વાહન વ્યવહારના સરળ નિયમન માટે નીચે મુજબનો હુકમ કરૂ છું.

**હુકમ :-**

**હાફ મેરેથોનનો રુટ** : એ.ઇ.એસ. ગ્રાઉન્ડ સારથી બેન્કવેટથી શરુ થઇ જજીસ બંગલા ચાર રસ્તાથી યુ ટર્ન લઇ સાલ હોસ્પિટલ ચાર રસ્તા થઇ સુરધારા સર્કલ થઇ સન એન્ડ સ્ટેપ ક્લબ થઇ સત્તાધાર ચાર રસ્તાથી યુ ટર્ન લઇ પરત સાલ હોસ્પિટલથી ડાબી બાજુ વળી ગુરુકુળ ટી થઇ હેલ્મેટ ચાર રસ્તા થઇ વિજય ચાર રસ્તાથી ડાબી બાજુ વળી દર્પણ છ રસ્તા થઇ નવરંગ છ રસ્તા થઇ સરદાર પટેલ બાવલા સર્કલથી જમણી બાજુ વળી સરદાર પટેલ સ્ટેડિયમ સર્કલ થઇ સ્વસ્તિક ચાર રસ્તા થઇ પંચવટી સર્કલથી યુ ટર્ન લઇ પરત એ જ રસ્તે પરત સાલ હોસ્પિટલ ચાર રસ્તા આવી ડાબી બાજુ વળી એ.ઇ.એસ. ગ્રાઉન્ડ ખાતે પુર્ણ થશે.

બીજી દોડ એ.ઇ.એસ. ગ્રાઉન્ડથી શરુ થઇ એન.એફ.ડી. સર્કલથી ડાબી બાજુ વળી સંજીવની હોસ્પીટલથી જમણી બાજુ વળી સીધા શહીદચોક થઇ માનસી સર્કલથી ડાબી બાજુ વળી કેશવબાગ ટી થી જમણી બાજુ યુ ટર્ન લઇ પરત માનસી સર્કલથી જમણી બાજુ વળી વસ્ત્રાપુર શહીદચોક થઇ સંજીવની હોસ્પીટલથી ડાબી બાજુ વળી એન.એફ.ડી. થી જમણી બાજુ વળી એ.ઇ.એસ. ગ્રાઉન્ડ ખાતે પુર્ણ થશે.

**તા।૧૮।૧૨।૨૦૧૬ ના સવાર કલાક ૫।૦૦ થી સવાર કલાક ૧૦।૦૦ દરમ્યાન નીચે જણાવેલ માર્ગો તમામ પ્રકારના વાહનોની અવરજવર માટે બંધ રહેશે।**

(૧) સતાધાર ચાર રસ્તાથી સન એન્ડ સ્ટેપ ત્રણ રસ્તા થઇ સુરધારા સર્કલ થઇ સાલ હોસ્પિ।ચાર રસ્તા થઇ એન।એફ।ડી સર્કલ થઇ જજીસ ચાર રસ્તા સુધીનો માર્ગ।

(૨) એન।એફ।ડી સર્કલથી સંજીવની હોસ્પિ।થઇ શહીદચોક વસ્ત્રાપુર તળાવ થઇ માનસી સર્કલ થઇ કેશવબાગ ટી સુધીનો માર્ગ।

(૩) સાલ હોસ્પિ।ચાર રસ્તાથી ગુરુકુળ ટી થઇ હેલ્મેટ ચાર રસ્તા થઇ વિજય ચાર રસ્તાથી ડાબી બાજુ દર્પણ સર્કલ થઇ નવરંગ સર્કલ થઇ સરદાર પટેલ બાવલા સર્કલથી સ્ટેડીયમ પાંચ રસ્તા થઇ સ્વસ્તિક ચાર રસ્તા થઇ પંચવટી સર્કલ સુધીનો માર્ગ(સી।જી રોડ)।

(૪) ઉસ્માનપુરા ચાર રસ્તાથી સ।પ બાવલા સર્કલ તરફ તથા ઇન્કમટેક્ષ ચાર રસ્તાથી સ્ટેડીયમ પાંચ રસ્તા તરફ તથા પરીમલ ચાર રસ્તાથી સી।જી રોડ ઉપર જઇ શકાશે નહિ।

**વૈકલ્પીક રુટ** :-

(૧) એસ।જી હાઇવેથી આશ્રમરોડ તથા સી।જી રોડ તરફ જવા-આવવા માટે એસ।જી હાઇવે ઇસ્કોન ચાર રસ્તાથી ડાબી બાજુ વળી નહેરુનગર સર્કલ થઇ આંબાવાડી સર્કલ થઇ પરિમલ ચાર રસ્તા થઇ આવ-જા કરી શકાશે।

(૨) એસ।જી।હાઇવેથી સાબરમતી તથા વાડજ તરફ જવા-આવવા માટે કારગીલ ચાર રસ્તા થઇ પ્રભાતચોક ઘાટલોડીયા થઇ એઇસીબ્રિજથી નીચે થઇ સીધા નારણપુરા ગામ થઇ વાડજ તથા સાબરમતી તરફ આવ-જા કરી શકાશે।

(૩) ઉસ્માનપુરા ચાર રસ્તાથી રેલ્વે ટ્રેક રોડ થઇ મીઠાખળી સર્કલ થઇ લો ગાર્ડન ચાર રસ્તા થઇ કલગી ચાર રસ્તા થઇ પરિમલ ચાર રસ્તા થઇ નહેરુનગર સર્કલ થઇ ઇસ્કોન તરફ આવ-જા કરી શકાશે।

(૪) વસ્ત્રાપુર ગામ તરફથી અંધજનબ્રિજ ઉપર થઇ તથા નીચે થઇ પાંજરાપોળ તરફ તથા હેલ્મેટબ્રિજ ઉપર થઇ આવ-જા કરી શકાશે।

Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)

(૫) સેન્ટ ઝેવિયર્સ ત્રણ રસ્તાથી ગુલબાઇ ટેકરા થઇ આંબાવાડી સર્કલ પરીમલ ચાર રસ્તા થઇ લો ગાર્ડન તરફ આવ-જા કરી શકાશે।

આ જાહેરનામુ ફાયરબ્રિગેડ , એમ્બ્યુલન્સ સેવાઓ તથા સરકારી વાહનોને કામગીરી દરમ્યાન લાગુ પડશે નહિ.

આ જાહેરનામાનો અમલ તા.૧૮/૧૨/૨૦૧૬ ના સવાર કલાક ૦૫.૦૦ થી સવાર કલાક ૧૦.૩૦ સુધી કરવાનો રહેશે.

આ જાહેરનામાના આદેશોનું ઉલ્લઘંન કરનાર ઇસમ ભારતીય ફોજદારી ધારા કલમ ૧૮૮ અને ગુજરાત પોલીસ અધિનિયમ કલમ ૧૩૧ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આ હુકમ અન્વયે અમદાવાદ કમિશ્નરેટમાં ફરજ બજાવતાં સંયુક્ત પોલીસ કમિશ્નરશ્રી/અધિક પોલીસ કમિશ્નરશ્રીના દરજ્જાથી પો.સ.ઇ. સુધીના હોદ્દો ધરાવનાર તમામ અધિકારીશ્રીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર ઇસમો સામે ઇ.પી.કો. કલમ-૧૮૮ તથા ગુજરાત પોલીસ અધિનિયમ કલમ-૧૩૧ મુજબ ફરીયાદ માંડવા માટે અધિકૃત કરવામાં આવે છે.

આજ રોજ તા.૧૫/૧૨/૨૦૧૬ એ મેં મારી સહી તથા સિક્કો કરી આપેલ છે.

City Commissioner of Police * Ahmedabad *

(એ.કે.સિંઘ)
પોલીસ કમિશ્નર
અમદાવાદ શહેર

તા.૧૫ /૧૨/૨૦૧૬
અમદાવાદ.

**<u>નકલ સવિનય રવાના :</u>**

(૧) મેનેજરશ્રી ગવર્નમેન્ટ પ્રેસ અને સ્ટેશનરી ડીપાર્ટમેન્ટ વડોદરા
  ૨/- ગુજરાત ગર્વમેન્ટ ગેજેટ પ્રસિધ્ધ કરવા સારૂ.
(૨) અગ્ર સચિવશ્રી, ગૃહ વિભાગ, ગુજરાત સરકાર, સચિવાલય, ગાંધીનગર.
(૩) પોલીસ મહનિર્દેશક અને મુખ્ય પોલીસ અધિકારીશ્રી, ગુ.રા. પોલીસ ભવન,ગાંધીનગર.
(૪) કલેકટરશ્રી,જીલ્લા કલેકટરની કચેરી, ઘી કાંટા, અમદાવાદ શહેર.
(૫) અમદાવાદ રજીસ્ટ્રારશ્રી હાઇકોર્ટ, (૫ નકલ)
  રજીસ્ટ્રારશ્રી સિવિલ અને સેશન્સ કોર્ટ, અમદાવાદ શહેર. (૫ નકલ)
  રજીસ્ટ્રારશ્રી સેશન્સ કોર્ટ , અમદાવાદ શહેર (૫ નકલ)
  ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટશ્રી અમદાવાદ શહેર. (૫ નકલ)
(૬) મ્યુનિસિપલ કમિશ્નરશ્રી, અમદાવાદ શહેર.
(૭) પબ્લીક પ્રોસીક્યુટરશ્રી,અમદાવાદ શહેર
(૮) સીનીયર પોલીસ પ્રોસીક્યુટરશ્રી,અમદાવાદ શહેર
(૯) માહિતી નિયામકશ્રી સચિવાલય,ગાંધીનગર (૨ નકલ)
  ૨/- જાણ સારૂ અને દૈનિક સમાચાર પત્રોમાં પ્રસિધ્ધ કરાવવા સારૂ.

**<u>નકલ રવાના :-</u>**

(૧) સંયુક્ત પોલીસ કમિશ્નરશ્રી,સેકટર-૧ અને ૨, ટ્રાફીક તથા મુખ્ય મથક , વિશેષ શાખા,વહીવટ, અમદાવાદ
(૨) તમામ નાયબ પોલીસ કમિશ્નરશ્રી, અમદાવાદ શહેર.
(૩) તમામ મદદનીશ પોલીસ કમિશ્નરશ્રીઓ અમદાવાદ શહેર.
(૪) જનસંપર્ક અધિકારીશ્રી કંટ્રોલ રૂમ,અમદાવાદ શહેર
  ૨/- જાણ સારૂ દૈનિક પત્રોમાં દુરદર્શન, આકાશવાણી ઉપર પ્રસિધ્ધ કરવા સારુ.
(૫) તમામ પોલીસ ઇન્સ્પેકટરશ્રીઓ........................................ અમદાવાદ શહેર
  ૨/- જાણ સારૂ તેમજ પો.સ્ટે. વિસ્તારમાં જાહેરાત માટે અને સખત અમલ થાય તેની તકેદારી રાખવા સારૂ.
(૬) મદદનીશ પોલીસ કમિશ્નરશ્રી, ટ્રાફીક બ્રાન્ચ,અમદાવાદ શહેર (૮ નકલ)
  ૨/- ટ્રાફીક મોબાઇલ વાન મારફતે જાહેરનામાની જાહેરાત કરવા સારૂ.

Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)